# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/45 Dt. 29/07/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના 'ગ્લોબલ ટ્રાવેલ ટ્રેડ ફેર-2026'ને મળ્યો ઉદ્યોગજગત અને પ્રવાસન ક્ષેત્રનો જંગી પ્રતિસાદ

## ગુજરાત પવિત્ર યાત્રાધામ ડેવલેપમેન્ટ બોર્ડના સેક્રેટરી શ્રી રમેશ મેરજા (IAS)એ લીધી મુલાકાત, ચેમ્બરના પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપતા પ્રયાસોની કરી પ્રશંસા

## આંતરરાષ્ટ્રીય સ્તરના ટ્રાવેલ ટ્રેડ ફેરથી ગુજરાતના ધાર્મિક, સાંસ્કૃતિક, હેરિટેજ અને કુદરતી પ્રવાસન સ્થળોને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળશેઃ શ્રી રમેશ મેરજા (IAS)

## આવા પ્લેટફોર્મ થકી નવા બિઝનેસ નેટવર્કિંગ, વ્યાપારિક ભાગીદારી, રોકાણની તકો તેમજ વૈશ્વિક સ્તરના ટ્રાવેલ ટ્રેન્ડ્સ વિશે જાણવાની ઉત્તમ તક મળેઃ ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

સુરત 29 જુલાઈ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને TAAPI ટ્રાવેલ એક્સ્પો (TTE) 2026ના સંયુક્ત ઉપક્રમે દક્ષિણ ગુજરાતના ઇતિહાસમાં સર્વપ્રથમવાર સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC)ના પિલર-લેસ ડોમમાં તા. 28 અને 29 જુલાઈ 2026ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરના 'ગ્લોબલ ટ્રાવેલ ટ્રેડ ફેર (GTTF) 2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય આ ટ્રાવેલ ટ્રેડ ફેરને પ્રવાસન ઉદ્યોગ, વેપાર જગત, વિદ્યાર્થીઓ અને સામાન્ય મુલાકાતીઓ તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો.

**આંતરરાષ્ટ્રીય સ્તરના ટ્રાવેલ ટ્રેડ ફેરથી ગુજરાતના ધાર્મિક, સાંસ્કૃતિક, હેરિટેજ અને કુદરતી પ્રવાસન સ્થળોને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળશેઃ શ્રી રમેશ મેરજા (IAS)**

એક્ઝિબિશનના અંતિમ દિવસે ગુજરાત પવિત્ર યાત્રાધામ ડેવલેપમેન્ટ બોર્ડના સેક્રેટરી શ્રી રમેશ મેરજા (IAS)એ એક્ઝિબિશનની મુલાકાત લઈ વિવિધ સ્ટોલ્સનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે દેશ-વિદેશના પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી તેમજ પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ચેમ્બર દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આવા આંતરરાષ્ટ્રીય સ્તરના ટ્રાવેલ ટ્રેડ ફેરથી ગુજરાતના ધાર્મિક,

સાંસ્કૃતિક, હેરિટેજ અને કુદરતી પ્રવાસન સ્થળોને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળશે તેમજ રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે નવા રોકાણો અને રોજગારીની તકોનું સર્જન થશે.

**આવા પ્લેટફોર્મ થકી નવા બિઝનેસ નેટવર્કિંગ, વ્યાપારિક ભાગીદારી, રોકાણની તકો તેમજ વૈશ્વિક સ્તરના ટ્રાવેલ ટ્રેન્ડ્સ વિશે જાણવાની ઉત્તમ તક મળેઃ ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા**

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાત વેપાર અને ઉદ્યોગનું મહત્વનું કેન્દ્ર હોવા ઉપરાંત પ્રવાસન ક્ષેત્રે પણ વિશાળ સંભાવનાઓ ધરાવે છે. ગ્લોબલ ટ્રાવેલ ટ્રેડ ફેરનું આયોજન કરવાનો મુખ્ય હેતુ સુરત અને દક્ષિણ ગુજરાતને આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ મેપ પર આગવું સ્થાન અપાવવાનો છે. આ પ્રકારના ટ્રેડ ફેર દ્વારા સ્થાનિક ટ્રાવેલ એજન્સીઓ, ટૂર ઓપરેટર્સ, હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રી, એરલાઇન્સ, હોટેલ્સ તથા અન્ય સંબંધિત ઉદ્યોગોને દેશ-વિદેશના પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ સાથે સીધી વ્યવસાયિક તકો પ્રાપ્ત થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચેમ્બર હંમેશા ઉદ્યોગ અને વેપાર ઉપરાંત સેવા ક્ષેત્રોને પણ પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ રહ્યું છે. ટ્રાવેલ અને ટુરિઝમ ઉદ્યોગ આજે વૈશ્વિક અર્થતંત્રનો મહત્વપૂર્ણ હિસ્સો બની ગયો છે. આવા પ્લેટફોર્મ દ્વારા નવા બિઝનેસ નેટવર્કિંગ, વ્યાપારિક ભાગીદારી, રોકાણની તકો તેમજ વૈશ્વિક સ્તરના ટ્રાવેલ ટ્રેન્ડ્સ વિશે જાણવાની ઉત્તમ તક મળી રહે છે.

એક્ઝિબિશનના અંતિમ દિવસે માધવબાગ વિદ્યાલયના વેકેશનલ કોર્સ ઓફ ગ્લોબલ ટ્રાવેલ તથા એસ.ડી. જૈન શાળાના ડિપ્લોમા ઇન ટુરિઝમના વિદ્યાર્થીઓએ વિશેષ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ ટ્રાવેલ કંપનીઓના સ્ટોલ્સની મુલાકાત લઈને પ્રવાસન ક્ષેત્રની નવીન સેવાઓ, ટેક્નોલોજી અને વ્યવસાયિક પ્રક્રિયાઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

**વિદ્યાર્થીઓએ પ્રવાસનના વિવિધ પ્રકારો અને સપ્લાયર્સ વિશે માહિતી મેળવીઃ ચેરમેન શ્રી વિનેશ શાહ**

આ પ્રસંગે ચેરમેન શ્રી વિનેશ શાહે વિદ્યાર્થીઓ સાથે વિશેષ સંવાદ યોજ્યો હતો. તેમણે ટ્રાવેલ ઇન્ડસ્ટ્રીમાં કાર્યરત વિવિધ પ્રકારના સપ્લાયર્સ, ડેસ્ટિનેશન મેનેજમેન્ટ કંપનીઓની કામગીરી, ટૂર ઓપરેટર્સની ભૂમિકા, એરલાઇન્સ, હોટેલ્સ, ક્રૂઝ કંપનીઓ તથા અન્ય સેવા પ્રદાતાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત તેમણે પ્રવાસનના વિવિધ પ્રકારો જેવા કે ડોમેસ્ટિક ટુરિઝમ, ઇન્ટરનેશનલ ટુરિઝમ, ધાર્મિક પ્રવાસન, મેડિકલ ટુરિઝમ, વેલનેસ ટુરિઝમ, એડવેન્ચર ટુરિઝમ અને MICE (Meetings, Incentives, Conferences and Exhibitions) ટુરિઝમ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

બે દિવસીય આ ગ્લોબલ ટ્રાવેલ ટ્રેડ ફેર દરમિયાન મોટી સંખ્યામાં ટ્રાવેલ પ્રોફેશનલ્સ, કોર્પોરેટ પ્રતિનિધિઓ, ઉદ્યોગકારો, પ્રવાસન ક્ષેત્રના નિષ્ણાતો, વિદ્યાર્થીઓ તથા પ્રવાસપ્રેમીઓએ મુલાકાત લઈને ટ્રાવેલ ઇન્ડસ્ટ્રીની નવી તકો અને વૈશ્વિક પ્રવાસન ક્ષેત્રના આધુનિક વલણોને નજીકથી જાણવાની તક મેળવી હતી.